Australian Government
Department of Home Affairs

# Privacy notice

# ગોપનીયતા સૂચના

Form
1442i GUJ
GUJARATI

Department of Home Affairs (ગૃહ ખાતા) (ખાતા)માં Australian Border Force (ઓસ્ટ્રેલિયાના સરહદી દળો)નો પણ સમાવેશ થાય છે.

*Privacy Act 1988 (ગોપનીયતા અધિનિયમ 1988)* (ગોપનીયતા અધિનિયમ) મુજબ વિભાગ કોઈ વ્યક્તિની ચોક્કસ બાબતો વિશે વ્યક્તિગત માહિતી એકત્રિત કરે છે ત્યારે તે વ્યક્તિને તેના વિશે જાણ કરવી પડે છે.

વિભાગે તેની Privacy Policy (ગોપનીયતા નીતિ) પ્રકાશિત કરી છે, જેમાં ગોપનીયતા અધિનિયમમાં નિર્ધારિત Australian Privacy Principles (ઓસ્ટ્રેલિયન ગોપનીયતા સિદ્ધાંતો)નું પાલન કરવાના તેના અભિગમ વિશે માહિતી સામેલ છે અને ખાસ કરીને આ મુજબની માહિતી બાબતે:

- અમે તમારા વિશેની વ્યક્તિગત માહિતી કેવી રીતે અને શા માટે ભેગી કરીએ છીએ
- તમે વિભાગ દ્વારા તમારા વિશે રાખવામાં આવેલી વ્યક્તિગત માહિતી કેવી રીતે જોઈ શકો છો
- તમે આવી માહિતીમાં સુધારો કેવી રીતે કરાવી શકો
- તમે Australian Privacy Principlesના ભંગ વિશે ફરિયાદ કેવી રીતે કરી શકો છો અને વિભાગ આવી ફરિયાદનો કેવી રીતે નિકાલ લાવે છે.

ગોપનીયતા નીતિ અહીં જોવા મળી શકે છે:
**https://www.homeaffairs.gov.au/access-and-accountability/our-commitments/privacy**

આ ઉપરાંત, અમારા ઘણાં ફોર્મ કે જે તમે ચોક્કસ હેતુઓ માટે ભરતાં હોવ, તેમાં અમારા સંગ્રહ અને અમે તમારી અંગત માહિતીનું શું કરીએ છીએ તે વિશે ચોક્કસ સૂચનાઓ આપેલી હોય છે. તમે કોઈ સેવાનો ઉપયોગ કરો કે ખાતાને તમારી અંગત માહિતી પૂરી પાડો ત્યારે પણ તમને ચોક્કસ એકત્રિકરણની સૂચના આપી શકાય છે.

આ Privacy Notice (ગોપનીયતા સૂચના) વિભાગના વ્યક્તિગત માહિતીના સંગ્રહને સમજાવે છે અને જે તે ચોક્કસ સૂચનાઓની સામગ્રીની પૂરક બની રહે છે (જ્યાં લાગુ પડતું હોય ત્યાં).

## ખાતું – અમે કોણ છીએ/અમે શું કરીએ છીએ

આ ખાતું, હિજરત અને સ્થળાંતર (સરહદ સુરક્ષા, બિન-નાગરિકો માટે પ્રવેશ, રહેવા અને પ્રસ્થાનની વ્યવસ્થા સહિત); સીમા શુલ્ક અને સરહદ સુરક્ષા (સંસર્ગનિષેધ અને નિરીક્ષણ સિવાય); નાગરિકતા; વંશીય બાબતો; કાયદાના અમલીકરણની નીતિ અને કામગીરી; રાષ્ટ્રીય સુરક્ષા નીતિ અને સંચાલન; બહુસાંસ્કૃતિક બાબતો; રક્ષણાત્મક સુરક્ષા નીતિ અને સંકલન; ઓસ્ટ્રેલિયામાં કોમનવેલ્થ સંસ્થાઓ અને રાજદ્વારી અને કોન્સ્યુલર પરિસરમાં રક્ષણાત્મક સેવાઓ; સામાજિક સંકલન; પરિવહન સુરક્ષા; સાયબર સુરક્ષા નીતિ અને સંકલન; સાયબર ગુનાઓ, મહત્ત્વપૂર્ણ માળખાગત સુરક્ષા અને સંકલન; કોમનવેલ્થ આપાતકાળ વ્યવસ્થાપન; હિજરતીઓ અને માનવતાનાં ધોરણો પર પ્રવેશ કરનારાઓની વસાહત માટેની વ્યવસ્થા; પુખ્તવયના હિજરતીઓનાં શિક્ષણ; તમામ જોખમો સામે રાહત, પુનઃસ્થાપના અને અસરોને હળવી કરવાની નીતિ અને નાણાકીય સહાય માટે જવાબદાર છે.

## સંપર્કની વિગતો

સંપર્કની સંપૂર્ણ વિગતો વિભાગની વેબસાઇટ **www.homeaffairs.gov.au** પર મળી શકે છે

જો તમને લાગે કે તમારી વ્યક્તિગત માહિતીના સંગ્રહ કે સંચાલન વિશે તમારે ફરિયાદ કરવી છે કે ફીડબેક આપવો છે:

- **www.homeaffairs.gov.au/feedback** પર ઓનલાઇન ફોર્મ ભરીને પ્રતિસાદ આપી શકો છો અથવા
- લેખિતમાં જણાવો: The Manager
  Global Feedback Unit
  GPO Box 241
  Melbourne VIC 3001
  Australia

## અંગત માહિતી એકત્ર કરવી

### અંગત માહિતી શું છે?

ગોપનીયતા કાયદામાં એવી જોગવાઇ કરવામાં આવી છે કે અંગત માહિતી એ વ્યક્તિ વિશેની એવી માહિતી અથવા અભિપ્રાય (સત્ય કે ભૌતિક સ્વરૂપમાં હોય કે ન હોય) છે જે તેમની ઓળખ વાજબી રીતે કરી શકે છે.

અમે સંવેદનશીલ માહિતી પણ એકત્ર કરીએ છીએ જે ગોપનીયતા કાયદા હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવેલ અંગત માહિતીનો પેટા સમૂહ છે, જે માહિતી અથવા અભિપ્રાય છે, જે તે વ્યક્તિના વંશીય અથવા વંશીય મૂળ, રાજકીય અભિપ્રાયો, રાજકીય સંગઠનોના સભ્યપદ, ધાર્મિક માન્યતાઓ અથવા જોડાણો, દાર્શનિક માન્યતાઓ, વ્યાવસાયિક અથવા વેપાર સંગઠનોનું સભ્યપદ, જાતીય અભિગમ કે આચરણો અને અપરાધ નોંધણીઓને પણ અંગત માહિતી ગણવામાં આવે છે. સંવેદનશીલ માહિતીમાં વ્યક્તિની આરોગ્ય વિષયક માહિતી અને આનુવંશિક માહિતી તથા કેટલીક અનન્ય શારીરિક (બાયોમેટ્રિક) માહિતીનો પણ સમાવેશ થાય છે. બાયોમેટ્રિક માહિતીમાં તમારા ચહેરાની ઇલેક્ટ્રોનિક નકલ, આંગળાની છાપ, આંખની કીકીની આસપાસનું રંગીન કુંડાળું, હથેળી, હસ્તાક્ષર અથવા અવાજનો સમાવેશ થાય છે.

ખાતાને લાગુ પડતો કાયદો પણ ખાસ કરીને ચોક્કસ પ્રકારની માહિતીનું રક્ષણ કરે છે કે જે પણ અંગત માહિતી હોય શકે છે, જેમ કે વ્યક્તિગત ઓળખકર્તાઓ (*Migration Act 1958 (સ્થળાંતર કાયદો ૧૯૫૮)* અને *Australian Citizenship Act 2007 (ઓસ્ટ્રેલિયાનો નાગરિકત્વ કાયદો ૨૦૦૭)*માં વ્યાખ્યાયિત કર્યા મુજબ) અને હિજરત અને સરહદ સુરક્ષા માહિતી (*Australian Border Force Act 2015 (ઓસ્ટ્રેલિયાના સરહદી દળોનો કાયદો ૨૦૧૫)*માં વ્યાખ્યાયિત કર્યા મુજબ) અને તેવા અન્ય.

ખાસ કરીને વ્યક્તિગત ઓળખકર્તાઓને લગતી વધુ માહિતી માટે **https://immi.homeaffairs.gov.au/form-listing/forms/1243i.pdf** પર તમારા વ્યક્તિગત ઓળખકર્તા ફોર્મ 1243i જુઓ

### અમે તમારી અંગત માહિતી કોની પાસેથી એકત્ર કરીશું?

મોટા ભાગના કિસ્સાઓમાં અમે તમારી અંગત માહિતી સીધી તમારી પાસેથી જ અથવા તમે અધિકૃત કરેલ કોઇ વ્યક્તિ (ઉદાહરણ તરીકે, એક એજન્ટ અથવા ડૉક્ટર) પાસેથી એકત્ર કરીશું. અમે અમારા ImmiAccount અને VEVO પ્લેટફોર્મ દ્વારા પણ તમારી વ્યક્તિગત માહિતી ભેગી કરીએ છીએ.

© COMMONWEALTH OF AUSTRALIA, 2026

કેટલાક કિસ્સાઓમાં તે સ્વચાલિત પ્રણાલી દ્વારા તમારી પાસેથી એકત્રિત કરવામાં આવી શકે છે. ઉદાહરણ તરીકે, વિભાગ આંતરરાષ્ટ્રીય વિમાન મથકો પર SmartGate (સ્માર્ટ ગેટ) પ્રણાલીનો ઉપયોગ કરે છે, જે તમારી પાસેથી તમારી અંગત માહિતી (જેમ કે ચહેરાની છબીઓ) એકઠી કરે છે.

ઓસ્ટ્રેલિયાના વિવિધ કાયદા કે સ્થાનિક કે આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ હેઠળ કેન્દ્ર, રાજ્ય કે પ્રદેશ સરકારોની વિવિધ સંસ્થાઓ (ખાસ કરીને કાયદા અમલીકરણ સંસ્થાઓ) અને વિદેશી સરકારો પાસેથી પણ અમે તમારી અંગત માહિતી એકત્ર કરીએ છીએ.

ટેમ્પરરી સ્કીલ્ડ વિઝા પ્રોગ્રામની અખંડિતતાને મજબૂત બનાવવા માટે અમે ઓસ્ટ્રેલિયન ટેક્સેશન ઓફિસ (ATO) માંથી તમારો સિંગલ ટચ પેરોલ (STP) ડેટા પણ ભેગો કરીએ છીએ.

અમારા વતી કરારબદ્ધ સેવા પ્રદાતાઓ દ્વારા વ્યક્તિગત માહિતી પણ એકત્રિત કરવામાં આવે છે અને તેનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણોમાં ઇમિગ્રેશન અટકાયતીઓ માટે સહાય સેવાઓ, તબીબી સેવાઓ, Adult Migrant English Program (પુખ્ત સ્થળાંતર અંગ્રેજી કાર્યક્રમ) (AMEP) ની જોગવાઈ અને Community Refugee Integration and Settlement Program (કોમ્યુનિટી રેફ્યુજી ઇન્ટિગ્રેશન એન્ડ સેટલમેન્ટ પ્રોગ્રામ) (CRISP) સાથે સંકળાયેલા સમુદાય સહાય જૂથોનો સમાવેશ થાય છે. વિભાગ જરૂરી છે કે તેના બધા કોન્ટ્રાક્ટરો ગોપનીયતા કાયદાનું પાલન કરે, પછી ભલે તેઓ ઓસ્ટ્રેલિયામાં સ્થિત હોય કે વિદેશમાં.

અમે તમારા વિશેની એવી વ્યક્તિગત માહિતી પણ ભેગી કરી શકીએ છીએ જે જાહેર પ્રિન્ટ અને ડિજિટલ મીડિયામાં ઉપલબ્ધ છે.

તમારા સંબંધમાં ફેરફાર અથવા ઘરેલુ અને પારિવારિક હિંસા (DFV) ના આરોપો તમારી વ્યક્તિગત માહિતી સાથે અમે કેવી રીતે વ્યવહાર કરીએ છીએ તેમાં ફેરફાર લાવી શકે છે.

## તમારી અંગત માહિતીનો સંગ્રહ જે આવશ્યક છે અને કાયદા દ્વારા અધિકૃત છે

વિભાગ પાસે વ્યક્તિગત માહિતીના સંગ્રહ, ઉપયોગ અને જાહેરાત સંબંધિત ઘણા બધા ઉપયોગો અને સત્તાઓ છે, જેમાંથી મોટાભાગના ચોક્કસ કોમનવેલ્થ કાયદાઓમાં નિર્ધારિત થયેલા છે. વધુમાં, વિભાગનો વ્યક્તિગત માહિતીનો સંગ્રહ ગોપનીયતા કાયદાનું પાલન કરે છે.

સામાન્ય રીતે અમે જે કાયદા હેઠળ અંગત માહિતી એકત્રિત કરીએ છીએ તેની રૂપરેખા નીચે મુજબ છે.

### *Migration Act 1958 (સ્થળાંતર કાયદો ૧૯૫૮)* (સ્થળાંતર કાયદો)

સ્થળાંતર કાયદા હેઠળ અમને, અંગત માહિતી એકત્ર કરવા અને કેટલાક સંજોગોમાં અંગત ઓળખકર્તાઓ (જેમ કે અન્ય વસ્તુઓની સાથે વ્યક્તિનાં આંગળાંઓની અથવા હાથની છાપ, વ્યક્તિના ચહેરાનો ફોટો અથવા સહી) એકત્ર કરવા અધિકૃત કરવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે આ બધુ નીચેના કારણોસર એકત્ર કરી શકાય છે:

- વિઝા અરજી હેતુઓ માટે
- સ્થળાંતર કાયદા હેઠળ શોધ અને જપ્તીની સત્તાઓના સંબંધમાં કે
- જ્યારે કોઇ વ્યક્તિ ઓસ્ટ્રેલિયામાં પ્રવેશી રહી હોય અથવા અહીંથી પ્રસ્થાન કરી રહી હોય (ઉદાહરણ તરીકે, પાસપોર્ટ અથવા વિઝા અથવા ઓળખનો પુરાવો).

### *Australian Citizenship Act 2007 (ઓસ્ટ્રેલિયાનો નાગરિકત્વ કાયદો ૨૦૦૭)* (ઓસ્ટ્રેલિયાનો નાગરિકત્વ કાયદો)

અમને નાગરિકત્વ કાયદા હેઠળ અંગત માહિતી (વ્યક્તિગત ઓળખકર્તા સહિત) એકત્ર કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે, જેથી જે તે વ્યક્તિ નાગરિકતા માટેની જરૂરિયાતો પૂર્ણ કરે છે કે કેમ તેની સંતુષ્ટિ થઇ શકે.

### *Immigration (Guardianship of Children) Act 1946 (હિજરતી (બાળકોનું વાલીપણું) કાયદો ૧૯૪૬)* (IGOC Act)

IGOC કાયદા અને તેના નિયમો હેઠળ મંત્રી, ઓસ્ટ્રેલિયામાં ૨૧ વર્ષ કે તેથી વધુ વયના માતાપિતા અથવા સંબંધીનાં સંગાથ વિના આવતા ચોક્કસ બિન-નાગરિક સગીરો (જે IGOC સગીરો તરીકે ઓળખાય છે) ના વાલી છે. વાલીપણાની જવાબદારીઓ અદા કરવામાં મદદરૂપ થવા માટે, IGOC કાયદો મંત્રીને, ઓસ્ટ્રેલિયન સરકાર કે રાજ્ય/પ્રદેશ સરકારોનાં અધિકારીઓને (જેમને 'IGOC પ્રતિનિધિઓ' કહેવામાં આવે છે), તેમની/તેણીની વાલીપણાની સત્તાઓ અને કાર્યોની સોંપણી કરવાની છૂટ આપે છે. ઇચ્છુક અને યોગ્ય વ્યક્તિઓ અથવા સંસ્થાઓ પણ IGOC સગીરોનાં 'રખેવાળ' તરીકે નીમાય શકે છે. સામાન્ય રીતે, રખેવાળે તેમની દેખરેખ હેઠળ રહેલાં બાળકના કલ્યાણ અને સંભાળ માટે જોગવાઇ કરવી આવશ્યક છે. IGOC કાયદા હેઠળ બાળકોના કલ્યાણ અને સંભાળને સુનિશ્ચિત કરવા માટે ખાતું IGOC સગીરો અને તેમના રખેવાળો વિશે અંગત માહિતી એકઠી કરે છે. જ્યાં આવશ્યક હોય ત્યાં, અને ગોપનીયતા કાયદા અનુસાર ખાતું બાળ કલ્યાણ સંસ્થાઓ, IGOC પ્રતિનિધિઓ, રખેવાળો, માતાપિતા, સંભાળકર્તાઓ, સંબંધીઓ અને ઓસ્ટ્રેલિયાની અન્ય સરકારી સંસ્થાઓ સહિત રાજ્ય/પ્રદેશ અધિકારીઓને અંગત માહિતી જણાવી શકે છે અને તેમની પાસેથી માહિતી મેળવી શકે છે.

### *Customs Act 1901* (Customs Act) and *Excise Act 1901 (સીમા શુલ્ક કાયદો ૧૯૦૧* (સીમા શુલ્ક કાયદો) *અને આબકારી જકાત કાયદો ૧૯૦૧)* (આબકારી જકાત કાયદો)

વિભાગ ઓસ્ટ્રેલિયાની સરહદોનું રક્ષણ કરવાની અને સરહદની આવકની વસૂલીને સુનિશ્ચિત કરવાની વિભાગની ભૂમિકામાં સીમા શુલ્ક કાયદા અને આબકારી જકાત કાયદા હેઠળ વિવિધ પ્રકારની અંગત માહિતી એકઠી કરે છે. તેમાં આવનારા મુસાફરો અને જહાજો અને વિમાનોનાં કર્મચારીઓને લગતી માહિતી શામેલ છે.

### *Maritime Powers Act 2013 (દરિયાઈ સત્તા કાયદો 2013)* (દરિયાઈ સત્તા કાયદો)

અમે દરિયાઇ સત્તાઓનો ઉપયોગ કરીને અંગત માહિતી એકત્ર કરવા માટે દરિયાઈ સત્તા કાયદા હેઠળ અધિકૃત છીએ. આ સત્તાઓ ઓસ્ટ્રેલિયાના દરિયાઈ સંબંધિત કાયદાઓના અમલીકરણને ટેકો આપે છે, જેમાં ગેરકાયદેસર માછીમારી, સીમા શુલ્ક, દરિયાઈ આતંકવાદનો સામનો, સ્થળાંતર, સંસર્ગનિષેધ અને માદક દ્રવ્યોની દાણચોરી તેમજ દરિયાઈ આંતરરાષ્ટ્રીય કરારો અને વ્યવસ્થાઓના સંબંધોનો સમાવેશ થાય છે.

### *Immigration (Education) Act 1971 (હિજરત (શિક્ષણ) કાયદો ૧૯૭૧)* (હિજરત (શિક્ષણ) કાયદો)

જે તે વ્યક્તિ AMEPની લાયકાતની જરૂરિયાતોને પૂર્ણ કરે છે, તે બાબતથી સંતુષ્ટ થવા માટે વિભાગ વતી AMEP પ્રદાતાઓ વિવિધ પ્રકારની અંગત માહિતી એકત્રિત કરવા માટે હિજરત (શિક્ષણ) કાયદા હેઠળ અધિકૃત છે.

## ગોપનીયતા કાયદા હેઠળ તમારી અંગત માહિતી એકત્ર કરવી

વિભાગ અંગત (સંવેદનશીલ સહિત) માહિતી ઓસ્ટ્રેલિયાના કાયદા હેઠળ એકત્ર કરી શકે છે તે બાબતને ગોપનીયતા કાયદો માન્યતા આપે છે – જેના ઉદાહરણો ઉપર મુજબ છે.

ગોપનીયતા કાયદો એવી પણ જોગવાઇ કરે છે કે, જો માહિતી કોઇ એક કે એકથી વધારે વિભાગની કોઇ કામગીરી કે પ્રવૃત્તિઓ માટે વાજબી રીતે જરૂરી હોય કે તેની સાથે સીધી રીતે સંકળાયેલી હોય તો સંવેદનશીલ માહિતી સિવાયની અંગત માહિતી એકત્ર કરી શકે છે.

સંવેદનશીલ માહિતી એકત્ર કરવાના સંબંધમાં ગોપનીયતા કાયદો, ચોક્કસ સંજોગોમાં વિભાગને સંવેદનશીલ માહિતી એકત્ર કરવાની મંજૂરી આપે છે, જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:


© COMMONWEALTH OF AUSTRALIA, 2026

- જો તમે સંમતિ આપો અને જો માહિતી કોઇ એક કે એકથી વધારે વિભાગની કોઈ કામગીરી કે પ્રવૃત્તિઓ માટે વાજબી રીતે જરૂરી હોય કે તેની સાથે સીધી રીતે સંકળાયેલી હોય તો
- અમારી એક અથવા વધુ અમલબજવણી સંબંધિત પ્રવૃત્તિઓ માટે આ સંગ્રહ વાજબી રીતે જરૂરી છે, અથવા તેની સાથે સીધો સંબંધ ધરાવે છે.

## અમે જે હેતુ માટે તમારી અંગત માહિતી એકત્ર કરીએ છીએ તે

અમારા કાર્યો અને પ્રવૃત્તિઓ ખૂબ જ વ્યાપક છે, જે 'વિભાગ - અમે કોણ છીએ/અમે શું કરીએ છીએ' વિભાગમાં સૂચિબદ્ધ કાર્યોને આવરી લે છે જે માહિતી અને અન્ય માહિતી વિભાગની વેબસાઇટ '**અમે કોણ છીએ**' (**homeaffairs.gov.au**) પર 'અમારા વિશે' વિકલ્પ દ્વારા ઉપલબ્ધ છે.

અમે જેના માટે અંગત માહિતી એકત્ર કરીએ છીએ તે તમામ ચોક્કસ હેતુઓની યાદી બનાવવી અવ્યવહારુ ગણાશે, પરંતુ તેમાં નીચેના હેતુઓનો સમાવેશ થાય છે:

- વિઝાની શરતોનું પાલન સહિત વિઝા અને સ્થળાંતર
- સીમા શુલ્ક, આબકારી જકાત અને કરવેરા
- શરણાર્થી અને માનવતાવાદી સહાય
- વસાહતીકરણની સેવાઓ
- પુખ્ત વયના હિજરતીઓ માટે અંગ્રેજીનો કાર્યક્રમ
- સીમા વ્યવસ્થાપન
- સ્થળાંતર સ્થિતિ કે અટકાયત
- નાગરિક્તા
- કાયદાનું અમલીકરણ
- રાષ્ટ્રીય સુરક્ષા
- એરપોર્ટ અને દરિયાઈ સુરક્ષા અને પ્રવેશ વ્યવસ્થાપન સહિત પરિવહન સુરક્ષા
- કોમનવેલ્થ આપાતકાલીન વ્યવસ્થાપન
- વિભાગના કર્મચારીઓનો રોજગાર

તમારી વ્યક્તિગત માહિતીનો ઉપયોગ સંગ્રહના પ્રાથમિક હેતુ માટે કે ગોપનીયતા કાયદા દ્વારા પરવાનગી આપવામાં આવે કે કાયદા દ્વારા અધિકૃત હોય તેવા ગૌણ હેતુ માટે કરવામાં આવશે.

### આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ

વિભાગ જનરેટિવ AI, એડવાન્સ્ડ એનાલિટિક્સ, ઓટોમેશન અને ઓટોમેટેડ ડિસિઝન મેકિંગ (ADM) સહિત AI નો ઉપયોગ કરે છે, જેથી ઓપરેશનલ કાર્યો, જોખમ વ્યવસ્થાપન અને વહીવટી પ્રવૃત્તિઓમાં મદદ મળે, માટે તમારી વ્યક્તિગત માહિતી પર AI ટેકનોલોજીનો ઉપયોગ કરીને પ્રક્રિયા કરી શકાય છે. આ પ્રવૃત્તિઓમાં આ ગોપનીયતા સૂચનામાં દર્શાવેલ પ્રવૃત્તિઓનો સમાવેશ થઈ શકે છે.

વિભાગ ફક્ત પરવાનગી પ્રાપ્ત AI ઉત્પાદનોનો ઉપયોગ કરશે જેનું મૂલ્યાંકન અમારા સુરક્ષિત વાતાવરણમાં વાપરવા માટે યોગ્ય તરીકે કરવામાં આવ્યું છે.

એન્ટરપ્રાઇઝ જનરેટિવ AI ઉત્પાદકતા સાધનોનો ઉપયોગ પરવાનગી વાળા ઉપયોગના કિસ્સામાં વિભાગીય પ્રવૃત્તિઓના સંબંધમાં થઈ શકે છે જેમ કે:

- તમે પ્રદાન કરો છો તે માહિતીનો સારાંશ મેળવવા
- તૃતીય પક્ષો પાસેથી એકત્રિત કરેલી માહિતીનો સારાંશ મેળવવા
- અહેવાલ તૈયાર કરવા
- સંશોધન અને વિશ્લેષણ માટે
- પત્રવ્યવહાર તૈયાર કરવા માટે
- કાર્યસ્થળની ઉત્પાદકતામાં મદદ માટે

જ્યાં AI નો ઉપયોગ થાય છે, ત્યાં વિભાગીય સ્ટાફ AI ના પરિણામોની સમીક્ષા કરશે જેથી નિર્ણય લેવા સહિતની પ્રક્રિયાઓમાં તેનો ઉપયોગ કરવામાં આવે કે તેને જાહેર કરવામાં આવે તે પહેલાં ખાતરી કરી શકાય કે તે સચોટ, અદ્યતન, સંપૂર્ણ અને સુસંગત છે.

AI વડે તમારી વ્યક્તિગત માહિતીની પ્રક્રિયા કરતી વખતે, વિભાગ ફક્ત ગોપનીયતા કાયદા અનુસાર કે જ્યાં કાયદા દ્વારા બીજે અધિકૃત હોય ત્યાં જ પ્રક્રિયા કરશે.

વિભાગ AI ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરી રહ્યો છે તે અંગે વધુ માહિતી માટે, અમારું AI પારદર્શિતા નિવેદન જુઓ **https://www.homeaffairs.gov.au/access-and-accountability/our-commitments/plans-and-charters/our-service-charters/ai-transparency-statement**

AI ના અમારા ઉપયોગ અને તમારી વ્યક્તિગત માહિતીના સંચાલન વિશે વધુ માહિતી માટે, કૃપા કરીને અમારી ગોપનીયતા નીતિ જુઓ **https://www.homeaffairs.gov.au/access-and-accountability/our-commitments/privacy**

### જો તમારી અંગત માહિતી ખાતા દ્વારા એકત્રિત ન કરવામાં આવે તો તેના પરિણામો

જો તમારી અંગત માહિતી એકત્ર ન કરવામાં આવે તો અમે તમારી અરજી (જેવી કે તમારી વિઝા અરજી) પર પ્રક્રિયા કરવા, અમારી સેવાઓ મેળવવા તમારી લાયકતા સ્થાપિત કરવા અથવા અમારી કાનૂની જવાબદારીઓ, સંભાળ લેવાની જવાબદારીઓની ફરજ અથવા ઓસ્ટ્રેલિયાની આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓને પરિપૂર્ણ કરવા માટે, સક્ષમ ન થઈએ તેવું બની શકે છે. આના પરિણામે (અન્ય બાબતો ઉપરાંત) તમને ઓસ્ટ્રેલિયામાં પ્રવેશ ન આપવામાં આવે, અરજીઓ નામંજૂર થાય અથવા સેવાઓ માટે લાયકાત સાબિત ન થાય તેવું બની શકે છે.

## અંગત માહિતીનો ખુલાસો

અમારા કાર્યો અને પ્રવૃત્તિઓના હેતુસર અમે જે અંગત માહિતી એકત્ર કરીએ છીએ તેનો ગોપનીયતા કાયદા હેઠળ સંખ્યાબંધ સંજોગોમાં ત્રાહિત પક્ષકારો અને અન્ય સરકારી સંસ્થાઓને બતાવી શકાય છે. સૌથી સામાન્ય પ્રકારો નીચે મુજબ છે.

### નિમણૂંક થયેલ પ્રતિનિધિઓને ખુલાસો

તમે એવી વ્યક્તિની નિમણૂંક કરી શકો છો જેમને અમે તમારી અંગત માહિતી જણાવી શકીએ છીએ, જેમ કે પરિવારના સભ્ય, માઇગ્રેશન એજન્ટ, સીમા શુલ્ક દલાલ, બાંયધરી આપનાર અથવા તમારું પ્રતિનિધિત્વ કરતાં વકીલ.

### અધિકૃત ખુલાસો

ઓસ્ટ્રેલિયાના કાયદા હેઠળ અમે, ચોક્કસ સંજોગોમાં, ઓસ્ટ્રેલિયાની અન્ય સરકારી સંસ્થાઓ અને રાજ્ય તથા પ્રદેશ સંસ્થાઓ સહિતનાને અંગત માહિતી આપવા માટે અધિકૃત છીએ કે અમને મંજૂરી આપવામાં આવી છે.

વિભાગના પોર્ટફોલિયો કાયદામાં સૌથી મહત્ત્વપૂર્ણ જાહેરાત જોગવાઈઓ સ્થળાંતર કાયદાના ભાગ 4A, નાગરિકતા કાયદાની કલમ 43 અને *Australian Border Force Act 2015*નો ભાગ 6 છે.

ઉદાહરણોમાં, તમારી ઓળખની પુષ્ટિ કરવામાં મદદ કરવા, તમે અમને અથવા અન્ય સંસ્થાને પૂરા પાડેલાં દસ્તાવેજોની વિશ્વાસપાત્રતાની ખરાઈ કરવા, માહિતીની સરખામણી હાથ ધરવા અથવા અન્યથા સંસ્થાને પોતાની પૂર્તિ અથવા અન્ય કાનૂની કાર્યો હાથ ધરવા માટે મદદ કરવા માટે ખુલાસાનો સમાવેશ થાય છે.

### અન્ય સરકારી સંસ્થાઓ સમક્ષ ખુલાસો

સરકારી સંસ્થાઓ જેમના સમક્ષ વિભાગ અંગત માહિતીનો ખુલાસો કરી શકે છે તે નીચે મુજબ છે પરંતુ તે સૂચિ આના સુધી મર્યાદિત નથી:

© COMMONWEALTH OF AUSTRALIA, 2026

- *Social Security Act 1991 (સોશિયલ સિક્યુરિટી એક્ટ 1991), Child Support (Assessment) Act 1989 (ચાઇલ્ડ સપોર્ટ (એસેસમેન્ટ) એક્ટ 1989) અને Child Support (Registration and Collection) Act 1988 (ચાઇલ્ડ સપોર્ટ (રજીસ્ટ્રેશન એન્ડ કલેક્શન) એક્ટ 1988), Health Insurance Act 1973 (હેલ્થ ઇન્શ્યોરન્સ એક્ટ 1973)* અને *Taxation Administration Act 1953 (ટેક્સેશન એડમિનિસ્ટ્રેશન એક્ટ 1953)* જેવા કાયદાઓના હેતુઓ માટે સર્વિસિસ ઓસ્ટ્રેલિયા.
- સામાજિક સેવાઓ ખાતું
- કૃષિ, મત્સ્યઉદ્યોગ અને વનીકરણ વિભાગ, ઓસ્ટ્રેલિયાની જૈવ સુરક્ષા પ્રણાલીનું વ્યવસ્થાપન કરવા અને *Biosecurity Act 2015, Export Control Act 2020, Imported Food Control Act 1992 (જૈવ સુરક્ષા અધિનિયમ 2015, નિકાસ નિયંત્રણ અધિનિયમ 2020, આયાતી ખાદ્ય નિયંત્રણ અધિનિયમ 1992)* અને *Illegal Logging Prohibition Act 2012 (ગેરકાયદેસર લાકડા કાપવા પર પ્રતિબંધ અધિનિયમ 2012)* જેવા કાયદાઓના હેતુઓ માટે.
- થેરાપ્યુટિક ગુડ્સ એડમિનિસ્ટ્રેશન, *Therapeutic Goods Act 1989 (થેરાપ્યુટિક ગુડ્સ એક્ટ 1989)*ના હેતુઓ માટે
- સ્પોર્ટ ઇન્ટિગ્રિટી ઓસ્ટ્રેલિયા, રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી યોજનાના હેતુઓ માટે
- શિક્ષણ વિભાગ, *Education Services for Overseas Students Act 2000 (વિદેશી વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સેવાઓ અધિનિયમ 2000)* જેવા કાયદાઓના હેતુઓ માટે
- રોજગાર અને કાર્યસ્થળ સંબંધો વિભાગ, *Work Health and Safety Act 2011 (કાર્ય આરોગ્ય અને સલામતી અધિનિયમ 2011)* જેવા કાયદાના હેતુઓ માટે, રોજગાર સેવાઓ વિશેની માહિતી સરખાવવા અને ઓસ્ટ્રેલિયન શ્રમ બજાર પર પ્રસ્તાવિત કાર્યસ્થળ ઘટકની કોઈપણ અસર નક્કી કરવા; તેમજ કાર્યક્રમના વિકાસ અને ઓસ્ટ્રેલિયન કૌશલ્ય ગેરંટી પહેલ અને પ્રાપ્તિ સંબંધિત નીતિ સંબંધિત હેતુઓ માટે
- વેટરન્સ અફેર્સ વિભાગ, *Veterans' Entitlements Act 1986 (વેટરન્સ એન્ટાઇટલમેન્ટ્સ એક્ટ 1986)* જેવા કાયદાઓના હેતુઓ માટે
- ઓસ્ટ્રેલિયન કરવેરા કાર્યાલય, *Income Tax Assessment Act 1997 (આવકવેરા મૂલ્યાંકન અધિનિયમ 1997)* અને અન્ય કરવેરા કાયદાઓના હેતુઓ માટે
- *Australian Passports Act 2005 (ઓસ્ટ્રેલિયન પાસપોર્ટ એક્ટ 2005)* જેવા કાયદાના હેતુઓ માટે તેમજ પ્રોટેક્શન વિઝા પ્રોસેસિંગ માટે જે તે દેશની માહિતી મેળવવા માટે અને એવા કોઈપણ વિદેશી પાસપોર્ટના સંદર્ભમાં જેના દ્વારા તમે બેવડી નાગરિકતા ધરાવી શકો છો.
- સંરક્ષણ વિભાગ, સંરક્ષણ ક્ષેત્રના વિદ્યાર્થી વિઝા કાર્યક્રમોના વ્યવસ્થાપન માટે અને *Defence Trade Controls Act 2012 (સંરક્ષણ વેપાર નિયંત્રણ અધિનિયમ 2012)*ના હેતુઓ માટે
- એટર્ની-જનરલનો વિભાગ, Criminal *Code Act 1995 (ક્રિમિનલ કોડ એક્ટ 1995)* જેવા કાયદાના હેતુઓ માટે
- આબોહવા પરિવર્તન, ઊર્જા, પર્યાવરણ અને પાણી વિભાગ, *Environment Protection and Biodiversity Conservation Act 1999, Ozone Protection and Synthetic Greenhouse Gas Management Act 1989, Hazardous Waste (Regulation of Exports and Imports) Act 1989 (પર્યાવરણ સંરક્ષણ અને જૈવવિવિધતા સંરક્ષણ અધિનિયમ ૧૯૯૯, ઓઝોન પ્રોટેક્શન અને સિન્થેટિક ગ્રીનહાઉસ ગેસ મેનેજમેન્ટ એક્ટ ૧૯૮૯, જોખમી કચરો (નિકાસ અને આયાતનું નિયમન) એક્ટ ૧૯૮૯)* તેમજ *Recycling and Waste Reduction Act 2020 and the Product Emissions Standards Act 2017 (રિસાયક્લિંગ અને કચરો ઘટાડો કાયદો ૨૦૨૦ અને ઉત્પાદન ઉત્સર્જન ધોરણો કાયદો ૨૦૧૭)* જેવા કાયદાના હેતુઓ માટે
- માળખાકીય સુવિધાઓ, પરિવહન, પ્રાદેશિક વિકાસ, સંદેશાવ્યવહાર, રમતગમત અને કલા વિભાગ *Road Vehicle Standards Act 2018 (રોડ વ્હીકલ સ્ટાન્ડર્ડ્સ એક્ટ 2018)* જેવા કાયદાના હેતુઓ માટે
- ઓસ્ટ્રેલિયન ચૂંટણી પંચ, *Commonwealth Electoral Act 1918 (કોમનવેલ્થ ચૂંટણી અધિનિયમ 1918)*ના હેતુઓ માટે
- ઓસ્ટ્રેલિયન બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સ, વ્યક્તિગત સ્તરના સંકલિત ડેટા એસેટ માટે અને ઓસ્ટ્રેલિયામાં આવતા અને જતા આંતરરાષ્ટ્રીય મુસાફરીના આંકડા માટે
- ઉદ્યોગ, વિજ્ઞાન અને સંસાધન વિભાગ, ઉદ્યોગ રાહત યોજનાઓના હેતુઓ માટે
- ઓસ્ટ્રેલિયન જંતુનાશકો અને પશુચિકિત્સા દવાઓનું સત્તામંડળ, *Agricultural and Veterinary Chemicals (Administration) Act 1992 (કૃષિ અને પશુચિકિત્સા રસાયણો (વહીવટ) અધિનિયમ 1992)*ના હેતુઓ માટે
- ઓસ્ટ્રેલિયન ટ્રેડ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ કમિશન (ઓસ્ટ્રેડ), *Australian Trade and Investment Commission Act 1985 (ઓસ્ટ્રેલિયન ટ્રેડ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ કમિશન એક્ટ 1985)* જેવા કાયદાના હેતુઓ માટે અને આંતરરાષ્ટ્રીય વેપાર અને સપ્લાય ચેઇન સંબંધિત હેતુઓ માટે

## અમલબજવણી સંબંધિત પ્રવૃત્તિઓ માટે ખુલાસો

અમે ઓસ્ટ્રેલિયાની (ઓસ્ટ્રેલિયાની સરકાર, રાજ્ય અને પ્રદેશ) તથા વિદેશી અમલબજવણી સંસ્થાઓ અથવા મંડળોને અંગત માહિતી જાહેર કરીએ છીએ, કે જ્યાં સ્થાનિક અમલબજવણી સંસ્થા દ્વારા અથવા તેના વતી હાથ ધરવામાં આવેલી અમલબજવણી સંબંધિત પ્રવૃત્તિ માટે વાજબી રીતે જરૂરી હોય, જેમાં ફોજદારી ગુનાના નિવારણ, તપાસ અને કાર્યવાહી અથવા સજાનો સમાવેશ થાય છે. અમલબજવણીને લગતી પ્રવૃત્તિઓમાં કોઈ પણ અદાલત કે ન્યાયપંચ સમક્ષ (તપાસ ચલાવનાર અમલદારની કાર્યવાહી સહિત) કાર્યવાહીની તૈયારી કરવામાં અથવા તેવા સંચાલનમાં મદદ કરવાનો પણ સમાવેશ થાય છે.

## અધિકૃત સત્તાવાળાઓ અને પદાધિકારીઓ સમક્ષ ખુલાસો

અમે અંગત માહિતીનો ખુલાસો આવી સંસ્થાઓને કરીએ છીએ, જેવી કે:

- કોમનવેલ્થ ઓમ્બડ્સમેન
- ઓસ્ટ્રેલિયાના માહિતી કમિશનરની કચેરી
- ઓસ્ટ્રેલિયાના રાષ્ટ્રીય ઓડિટ કચેરી
- ઓસ્ટ્રેલિયાના માનવ અધિકાર કમિશન
- ફેર વર્ક ઓમ્બડ્સમેન
- ઓસ્ટ્રેલિયન ઇન્ડસ્ટ્રિઅલ કેમિકલ્સ ઇન્ટ્રોડક્શન સ્કીમ

## આરોગ્ય અને સલામતીને લગતો ખુલાસો

વિઝાને લગતી બાબતો અને જાહેર આરોગ્યના જોખમોના સંચાલનના સંબંધમાં તમારી અંગત માહિતી સરકારી આરોગ્ય સંસ્થાઓ અને તબીબી પ્રદાતાઓને પૂરી પાડવામાં આવી શકે છે.

જો કોઇ પણ વ્યક્તિના જીવન, આરોગ્ય અથવા સલામતી અથવા જાહેર આરોગ્ય અથવા સલામતી માટે ગંભીર જોખમને ઓછું કરવા અથવા અટકાવવા માટે ખુલાસો કરવો જરૂરી હોય તો, તમારી અંગત માહિતી ઓસ્ટ્રેલિયાની કાનૂન અમલબજવણી સંસ્થાઓ અથવા કટોકટી સેવાઓને પણ આપવામાં આવી શકે છે.

## ખુલાસો – અન્ય

સામાન્ય રીતે, વિભાગ ગોપનીયતા કાયદા અનુસાર વિવિધ સંસ્થાઓને અંગત માહિતીનો ખુલાસો કરી શકે છે, જેમાં સામેલ છે:

- ઓસ્ટ્રેલિયામાં તાલીમ કે અભ્યાસ સાથે સંબંધિત શિક્ષણ અને રોજગાર એજન્સીઓ અને સંસ્થાઓ
- નોકરીદાતા અથવા મજૂર પૂરા પાડતાં પ્રદાતાઓને સ્થળાંતરની સ્થિતિ, કામના અધિકારો અને તમારા વિઝા સંબંધિત માહિતી


© COMMONWEALTH OF AUSTRALIA, 2026

- હ્યુમનિટેરિઅન સેટલમેન્ટ પ્રોગ્રામ, ઓસ્ટ્રેલિયન ઓરિએન્ટેશન પ્રોગ્રામ અને આસિસ્ટેડ પેસેજ પ્રોગ્રામ સહિતના કરારબદ્ધ સેવા પ્રદાતાઓ
- શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્રના હાઈ કમિશ્નર
- ઓસ્ટ્રેલિયાની અને આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ સોસાયટીઓ
- સ્થાનાંતરણની વ્યવસ્થા અને હિજરતી સ્થિતિની પુષ્ટિ કરવા માટે રાજ્ય અને પ્રદેશની સુધારણા સુવિધાઓ
- રાજ્ય અને પ્રદેશની બાળ કલ્યાણ સંસ્થાઓ અને મંડળો
- અન્ય એલચીઓ, હાઇ કમિશનો અને દૂતાવાસો
- નીતિ અને/અથવા કાર્યક્રમ વિકાસ અને/અથવા સુધારણા માટે સંશોધન, તપાસ અને વિશ્લેષણના હેતુઓ માટેની એજન્સીઓ અને કરારબદ્ધ તૃતીય પક્ષો અને સંશોધન સંસ્થાઓ
- મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો જેવા કે, મોટી રમતગમતની મેચો અને આંતરરાષ્ટ્રીય વડાઓની બેઠકોમાં સંકલનની ભૂમિકા ધરાવતી ઓસ્ટ્રેલિયાની સરકારી સંસ્થાઓ, સંગઠનો અને આંતરરાષ્ટ્રીય સંગઠનો
- નાગરિકતા, સંબંધિત પુરસ્કારો અને કાર્યક્રમોમાં ભૂમિકા ધરાવતા અને નવા નાગરિકોનું ઔપચારિક સ્વાગત કરતા સંઘીય, રાજ્ય અને પ્રદેશ સંસદના સભ્યો, સ્થાનિક સરકારી પરિષદો, સંગઠનો અને સરકારી અધિકારીઓ
- ઓસ્ટ્રેલિયામાં ગેરકાયદેસર માલની આયાત અટકાવવા અથવા તેને લગતા હેતુવાળા ઉદ્યોગના સભ્યો
- રાષ્ટ્રીય કટોકટી વ્યવસ્થાપન એજન્સી.

## સાર્વજનિક રીતે ઉપલબ્ધ રજિસ્ટર પર જાહેરાત

વિભાગ જાહેર માહિતી માટે ઘણા રજિસ્ટર જાળવે છે જેમાં વ્યક્તિગત માહિતી સામેલ હોઈ શકે છે. આમાં સામેલ છે નીચેના રજિસ્ટરો, પરંતુ તેટલા પૂરતા મર્યાદિત નથી:

- મંજૂર પ્રાયોજકોનું જાહેર રજિસ્ટર
- પ્રતિબંધિત નોકરીદાતાનું રજિસ્ટર
- માઇગ્રેશન એજન્ટોનું રજિસ્ટર
- શ્રમ કરાર રજિસ્ટર
- ભેટ અને લાભ રજિસ્ટર
- FOI ડિસ્ક્લોઝર લોગ

## વિદેશી પ્રાપ્તકર્તાઓને ખુલાસો

તેના કાર્યો અને પ્રવૃત્તિઓની પ્રકૃતિને કારણે, વિભાગ વિદેશી સંસ્થાઓને પણ વ્યક્તિગત માહિતી આપી શકે છે.

મોટા ભાગના કિસ્સાઓમાં, તે તમારા વતન અથવા મૂળ રહેઠાણના દેશના અધિકારીઓ સમક્ષ જાહેર કરવામાં આવશે (સિવાય કે તમે તે દેશો સામે રક્ષણ માટે દાવો કર્યો હોય અને તે દાવાઓને આખરી ઓપ આપવામાં આવવાની રાહ જોતાં હોવ) વિભાગ એવા દેશો અથવા સંગઠનોને પણ અંગત માહિતીનો ખુલાસો કરી શકે છે કે જેમની સાથે ઓસ્ટ્રેલિયાએ કરાર કર્યો હોય. તેમાં યુનાઇટેડ કિંગડ્મ, ન્યુઝીલેન્ડ, કેનેડા અને યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, તેમજ 'ખુલાસો - અન્ય' હેઠળ ઉપર સૂચિબદ્ધ આંતરરાષ્ટ્રીય સંગઠનોનો પણ સમાવેશ થાય છે અને તે સૂચિ તેટલા પૂરતી જ મર્યાદિત નથી.

| | |
|---|---|
| *હોમ પેજ* | **www.homeaffairs.gov.au** |
| *સામાન્ય પૂછપરછની લાઇન* | તમે અમારા Global Service Centre (GSC) (ગ્લોબલ સર્વિસ સેન્ટર (GSC))નો સંપર્ક સોમવારથી શુક્રવાર તમારા સ્થાનિક સમય મુજબ સવારે 9 થી સાંજે 5 વાગ્યા સુધી કરી શકો છો. ઓસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય જાહેર રજાઓના દિવસે અમારું GSC બંધ રહે છે.<br>**ઓસ્ટ્રેલિયામાં ફોન કરો** 131 881 પર<br>**ઓસ્ટ્રેલિયાની બહાર ફોન કરો** +61 2 6196 0196 પર |

© COMMONWEALTH OF AUSTRALIA, 2026